આધાફુલના પરાક્રમોની હજુ ઘણી વાર્તાઓ છે.
**બધી વાંચી નાંખો, એક પણ વાર્તા ચુકાઈ ન જાય.**
















Developed and created by **BBC Media Action**
with support from **UNICEF, DOVE** and **the Centre for Appearance Research**

आधा FULL

# આધાફુલ અને ફિલ્મસ્ટારનું અપહરણ



**વાર્તા-3**



- નામ : કિટ્ટી
- ઉંમર: 16 વર્ષ
- ધોરણ : અગિયારમું
- ગુણ : જોશ પણ છે અને હોશ પણ
- *કિટ્ટી માટે કશું અશક્ય નથી

કિટ્ટી

# બદલીપુરની 'ટીમ' આધાફુલ



- નામ : અદરક
- ઉંમર : 15 વર્ષ
- ધોરણ : સાતમું સ્કૂલ છોડી દીધી છે
- ગુણ : એક નંબરનો જુગાડૂ
- *અદરક પાસે આઈડિયાનો ભંડાર છે

અદરક



- નામ : તારા
- ઉંમર : 12 વર્ષ
- ધોરણ : સાતમું
- માહિતીનું : હાલતું – ચાલતું પુસ્તક
- *તારા ક્યારેય જૂઠું નથી બોલતી

તારા

ત્રણે બદલીપુરમાં રહે છે. ત્રણેને જાસૂસી કરવાનો બહુ શોખ છે.
બદલીપુરમાં કંઈપણ બને છે તો ત્રણે પહોંચી જાય છે કેસને ઉકેલવા.
આ ત્રણેએ મળીને એક ટીમ બનાવી છે જેનું નામ છે, આધાફુલ.



એક દિવસ કિટ્ટી રાનૂના ઘરે આવી ત્યારે રાનૂ મેકઅપ કરી રહી હતી.









ધીમે-ધીમે રાનૂ સમીરા જેવી ન દેખાવાના કારણે ઉદાસ રહેવા લાગી.







એક દિવસ છાપામાં એક સમાચાર છપાયા.




બદલીપુરના કુખ્યાત બદમાશ ચંદૂ-ચંપાને સમીરા કપૂર બદલીપુરમાં આવે છે તે વાતની જાણ થાય છે.
ચંપા, સમીરાનું અપહરણ કરી લઈએ.
હા ચંદૂ, સરસ મોકો છે. બદલામાં એક કરોડ માંગી લઈશું.
અરે આ તો ચંદૂ-ચંપા છે. જોઉં છું શું પ્લાન બનાવી રહ્યા છે.
ચંદૂ, કાલે જ હોટેલ પરથી સમીરાનું અપહરણ કરી લઈશું.
અમારી આધાફુલ ટીમને કહેવુંપડશે.




અદરક જઈને કિટ્ટી, તારા ને ચંદૂ-ચંપાની આખી યોજના જણાવી દે છે.
આપણે જઈને સમીરાને જાણ કરવી પડશે.
કઈ હોટેલમાં છે સમીરા?
હૉટેલ રાજમહલ
ત્રણે હોટેલ રાજમહલ પહોંચે છે.
આ અંદર નહીં જવા દે.
વાત કરી જોઈએ.
અંકલ, અમારે સમીરા કપૂરને મળવું છે.
ભાગો અહીંથી. મોટા આવ્યા સમીરા કપૂરને મળવા.


મળવું ખૂબ જ જરૂરી છે, અંકલ જી.
એક વાર ના પાડી ને. ચાલો, નીકળો અહીંથી.
હવે શું કરીશું?
આટલો પહેરો છે તો ચંદૂ-ચંપા અપહરણ નહીં કરી શકે. આપણે જઈએ.
એ જ સમયે ચંદૂ-ચંપા પાઈપના સહારે ઉપર ચઢી રહ્યા હતા.
ચંપા, મોકો સરસ છે.




આ બન્ને તો ચંદૂ-ચંપા છે ને?
ચંપા, જલ્દી ચાલ કોઈ જોઈ જશે.
હા, તેની પાસે પેલું શું છે?



લાગે છે કે તેઓએ સમીરા કપૂરનું અપહરણ કરી લીધું.
ચાલો પીછો કરીએ.
અડ્ડા પર પહોંચીને ચંદૂ-ચંપા કોથળામાંથી કાઢીને જ્યારે સમીરાને જુએ છે તો ચોંકી ઉઠી છે.
આ તો એ સમીરા કપૂર નથી જેને આપણે ટીવી અને જાહેરાતોમાં જોઇએ છીએ.
આપણે કોઇ બીજાને ઉઠાવી લાવ્યા કે શું?
હવે શું કરીશું?






મારી પાસે એક યુક્તિ છે.
પૉલિસે તમને ચારે બાજુથી ઘેરી લીધા છે.
પૉલિસ આવી ગઇ ચંપા.
ચાલ ભાગી જઇએ.
આધાફુલની ટીમ અડ્ડા પર પહોંચે છે.
અદરક, તારી યુક્તિ સફળ થઇ. વાહ, શું પૉલિસનો અવાજ કાઢ્યો!
ચાલો અંદર જઇએ.


ત્રણેએ મળીને સમીરાને મુક્ત કરી.
હાથ ખોલતા સમયે કિટ્ટીએ સમીરાને જોઇ તો બોલી ઉઠી.
તમે તો સમીરા નથી.
હા, એવી નથી દેખાતી જેવી ફિલ્મોમાં દેખાય છે.
હું સમીરા જ છું.
પરંતુ એવી કેમ નથી દેખાતી જેવી ફિલ્મ અને જાહેરાતોમાં દેખાય છે.
મારી ટીમ અને મેકઅપ વિના હું આવી જ સાધારણ દેખાઉં છું.




જે પણ આપણે ટીવી અને જાહેરાતોમાં જોઇએ છીએ તેના પર ક્યારેય આંધળો વિશ્વાસ ન કરવો જોઇએ.
કિટ્ટીએ સમીરાને રાનૂ વિશે બધી વાત જણાવી દીધી.
તમારે અમારી એક મદદ કરવી પડશે. અમારી એક દોસ્ત છે રાનૂ...
હું મદદ કરવા તૈયાર છું.
ચારેય રાનૂના ઘરે આવે છે.
રાનૂ, જો તને મળવા કોણ આવ્યું?
કોણ છે?
હું સમીરા કપૂર!



જુઠું. તે તો ખૂબજ સુંદર દેખાય છે. આપ તો મારા જેવા જ છો.
હું સમીરા જ છું અને મેકઅપ વિના હું આવી જ દેખાઉં છું. જ્યારે અમે જાહેરાતો માટે તસવીરો ખેંચાવીએ છીએ ત્યારે અમને તૈયાર કરવા માટે આખી ટીમ કામ કરે છે. સૌથી પહેલાં અમારો મેકઅપ થાય છે, હેરસ્ટાઈલ કરવામાં આવે છે અને અમને સરસ કપડાં પહેરાવાય છે. ત્યાર પછી અમારા ફોટો પાડવામાં આવે છે. તે ફોટાઓમાં હજુ વધુ ફેરફાર કરવામાં આવે છે જેથી અમે વધુ સુંદર લાગીએ. જેમ કે, અમને વધુ ગોરા બનાવવામાં આવે છે અને ચહેરા પરના ડાઘ ધબ્બા દૂર કરી દેવામાં આવે છે.
તમે ખરેખર સાચું કહો છો?
જાહેરાતોમાં મને આટલી સુંદર એટલા માટે બતાવવામાં આવે છે જેથી મને જોઈને બીજા લોકો પોતાના લુક્સ વિશે નિરાશા અનુભવે. આના કારણે લોકો એ બધી જ વસ્તુઓ ખરીદી લે જે હું જાહેરાતોમાં વેચવાનો પ્રયત્ન કરું છું. પરંતુ જ્યારે આ વસ્તુઓ કામ ન આપે, ત્યારે તે વધુ નિરાશ થાય છે. કારણ કે આપણે જાહેરાતોમાં જોઈએ છીએ તે અસલીયત નથી હોતી. જે સુંદરતા આપણે ટીવી અને જાહેરાતોમાં જોઈએ છીએ તે બનાવટી હોય છે.






અરે તને ખબર નથી, ફિલ્મવાળો લુક મેળવવા માટે શું શું કરવું પડે છે. કલાકો સુધી અરીસા સામે બેસી રહીને મેકઅપ કરાવવો પડે છે, તે પણ ઘણો મોંઘો. મેકઅપ થયા પછી હેયર સ્ટાઈલિસ્ટ આવી જાય છે, જે હેયર સ્ટાઈલ કરે છે. ખૂબ જ કંટાળી જાઉં છું બેઠાબેઠા. આટલું કર્યા પછી એ લુક મળે છે, જેને તમે લાઈક કરો છો. એટલે મારી સાથે સરખામણી તો તારે કરવી જ ન જોઈએ.
? ?
અને આ છે કે તમારા જેવી દેખાવા માટે દુ:ખી થાય છે.
હા, ઘરની બહાર પણ નથી નીકળતી, એવું વિચારીને કે તમારા જેવી નથી દેખાતી.
જે સુંદરતા આપણે ટીવી અને જાહેરાતોમાં જોઈએ છીએ એ બનાવટી હોય છે. એટલે મારા જેવી દેખાવાનો પ્રયત્ન ના કર અને મારી સાથે તારી સરખામણી પણ ના કરીશ.
હું સમજી ગઈ. શું હું આપને ભેટી શકું?








## વાર્તાનો બોધ

### આ વાર્તામાંથી તમે શું શીખ્યા?

લોકો ટીવી, ફિલ્મો અને જાહેરાતોમાં જેવા દેખાય છે, તે અસલીયત નથી. જ્યારે તેમની તસવીરો લેવા માટે તેમને તૈયાર કરવામાં આવે છે ત્યારે તેમના પર એક મોટી ટીમ કામ કરે છે. સૌથી પહેલાં તેમનો મેકઅપ થાય છે, હેયર સ્ટાઈલ કરવામાં આવે છે અને તેમને સારા સારા કપડાં પહેરાવવામાં આવે છે. ત્યાર બાદ તેમના ફોટો પાડવામાં આવે છે. તે ફોટાઓમાં વધુ ફેરફાર કરવામાં આવે છે. જેમ કે, લાંબો કરવામાં આવે છે અને ચહેરા પરના ડાઘ અને ધબ્બા હટાવી દેવામાં આવે છે, જેથી તે વધુ સુંદર દેખાય.

આપણે ટીવી અને જાહેરાતોમાં જે જોઈએ છીએ, તે એટલા માટે દર્શાવવામાં આવે છે કે જેથી આપણે આપણા લુક્સ વિશે હતાશ થઈએ અને એ બધી વસ્તુઓ ખરીદીએ જેનાથી આપણને એવું લાગે છે કે આદર્શ રૂપ મેળવી શકાય છે.

માટે ટીવી અને જાહેરાતોમાં જેને પણ જોઈએ છીએ તેની સાથે આપણી સરખામણી ન કરવી જોઈએ. કારણ કે આપણે જે કંઈ જોઈએ છીએ તે સાચું નથી હોતું અને ન તો તે મેળવી શકાય છે. એ બધું ફક્ત ચીજવસ્તુઓ વેચવાની યોજના છે જે અંતે આપણને ફક્ત નિરાશા આપે છે.



## ચોક્કસ રમો

થોડો સમય કાઢો અને વિચારો કે આ વાર્તામાંથી તમે શું શીખ્યા.

હવે કોલમ **A** માં આપેલ વાક્યો વાંચો અને એ કારણો સાથે જોડો જે કોલમ **B** માં આપેલા છે અને આપની દૃષ્ટિએ સૌથી વધુ યોગ્ય છે.

| A | B |
|---|---|
| 1. તસવીરો લીધા બાદ તેમાં ફેરફાર કરવામાં આવે છે. | 1. આ સૌંદર્ય પ્રસાધનો વેચવા માટે કરવામાં આવે છે. |
| 2. જાહેરાતોમાં જે સુંદરતા બતાવવામાં આવે છે તે સાચી નથી હોતી. | 2. આ લુક્સ બદલવા માટે કરવામાં આવે છે જેમ કે ત્વચાનો રંગ વધુ ગોરો બનાવવા માટે. |
| 3. જે પ્રકારની સુંદરતા આપણે તસવીરોમાં જોઇએ છીએ, તે મેળવવાનું શક્ય નથી. | 3. તેમને તૈયાર કરવા માટે આખી ટીમ કામ કરે છે. |
| 4. જાહેરાતોમાં આપણે જે અભિનેતાઓને જોઇએ છીએ તેની સાથે આપણે આપણી સરખામણી ન કરવી જોઇએ. | 4. કારણ કે તે સચ્ચાઇ નથી અને એવી સુંદરતા મેળવવી અશક્ય છે. |





## ઈચ્છા હોય તો આ પણ રમો








થોડો સમય કાઢો અને તમારા સૌથી પ્રિય મિત્ર વિશે વિચારો. હવે તેનાં એવાં કોઇ પાંચ ગુણો વિશે વિચારો જેના કારણે તમે તેને સૌથી વધુ ચાહો છો.

